### વડોદરાના અપૂર્વ પટેલ સહિત અમદાવાદના ત્રણ બિલ્ડર-ડિરેક્ટરો સામે ગુનો દાખલ

# યુનિટી સ્મોલ ફાઈનાન્સ બેંક સાથે રૂ.15 કરોડથી વધુની છેતરપિંડી આચરાઈ

### પોલીસે તમામ આરોપીઓને ઝડપી પાડવા માટે કાર્યવાહી તેજ કરી

**મોર્ગેજ** મિલકતના બનાવટી દસ્તાવેજોથી વેચાણનો આક્ષેપ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.1 વડોદરાના મહાઠગ તરીકે જાણીતા અપૂર્વ દિનેશભાઈ પટેલ સહિત અમદાવાદના બિલ્ડર અને કંપનીના ડિરેક્ટરો સામે યુનિટી સ્મોલ ફાઈનાન્સ બેંક સાથે રૂ.15 કરોડથી વધુની નાણાકીય છેતરપિંડી આચરવાનો ગંભીર ગુનો ડીસીબી પોલીસે નોંધ્યો છે. માંજલપુર વિસ્તારમાં આવેલી જમીન અને મિલકતો બેંકમાં કાયદેસર રીતે મોર્ગેજ હોવા છતાં આરોપીઓએ ભેગા મળી બનાવટી દસ્તાવેજો તૈયાર કરી મિલકતના ગેરકાયદેસર સોદા કરીને બેંકને મોટું આર્થિક નુકસાન પહોંચાડ્યાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

મુંબઈના બોરીવલી સ્થિત શ્યામ એપાર્ટમેન્ટમાં રહેતા અંજલી ગોવિંદ પરબે નોંધાવેલી ફરિયાદ મુજબ, મે-2018થી આજદિન દરમિયાન આરોપીઓએ માંજલપુરની મોર્ગેજ મિલકતો અંગેની તમામ માહિતી હોવા છતાં બેંક અથવા સંબંધિત ટ્રિબ્યુનલની મંજૂરી લીધા વિના બિનઅધિકૃત કરારો કર્યા હતા.

રજિસ્ટ્રાર ઓફ કંપનીઝ (ROC) તેમજ સરસાઈના જાહેર રેકોર્ડમાં બેંકના મોર્ગેજ અને સુરક્ષા હિતોની નોંધ હોવા છતાં તે હકીકતો ઈરાદાપૂર્વક છુપાવવામાં આવી હતી. ત્યારબાદ ખોટા અને બનાવટી દસ્તાવેજો ઊભા કરીને તેમને સાચા તરીકે રજૂ કરવામાં આવ્યા અને રૂ.15 કરોડથી વધુની કિંમતના ગેરકાયદેસર વ્યવહારો કરીને યુનિટી સ્મોલ ફાઈનાન્સ બેંકને ભારે આર્થિક નુકસાન પહોંચાડવામાં આવ્યું હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

આ કેસમાં પોલીસે અમિત મુકેશ શાહ (રહે. 3, કુંજ સોસાયટી, અલકાપુરી, વડોદરા), જે પીએચસી બિલ્ડકોન પ્રા. લિ. અને પદ્માવતી બિલ્ડકોન પ્રા. લિ.ના ડિરેક્ટર છે, ભાવેશ નરેશચંદ્ર અમીન (રહે. શ્રીમ હાઉસ, માઈલસ્ટોન બિલ્ડિંગ સામે, થલતેજ રોડ, બોડકદેવ, અમદાવાદ), જે શ્રીમ કન્સ્ટ્રક્શન પ્રા. લિ.ના માલિક છે તથા અપૂર્વ દિનેશભાઈ પટેલ (રહે. 5-એ, સમૃદ્ધિ બંગલો, વિશ્વામિત્રી, વડોદરા, મૂળ વતન કાકરખડ, તા.-જી. નડિયાદ), જે શ્રી સિદ્ધિ વિનાયક ડેવલપર્સના સત્તાધિકૃત ડિરેક્ટર છે, તેમની સામે ગુનો નોંધ્યો છે. પોલીસે તમામ આરોપીઓને ઝડપી પાડવા માટે કાર્યવાહી તેજ કરી છે.

### તાંદલજા કિસ્મત ચોકડી પાસે સર્જાયો અકસ્માત,રોડ રોલર ચાલક ફરાર

# ઓવર ટેક કરવા જતાં મોપેડ સ્લીપ માર્યું,રોડ રોલર નીચે આવી જતા ત્રણ પૈકી એક યુવતીનું મોત



(પ્રતિનિધિ), વડોદરા. તા.૧ તાંદલજા વિસ્તારમાં આવેલી કિસ્મત ચોકડી પાસે એક દુઃખદ અકસ્માત સર્જાયો હતો. પેટ્રોલ પંપની સામેના રોડ પર રોડ બનાવવા માટે વપરાતું રોડ રોલર પસાર થઈ રહ્યું હતું, તે સમયે એક મોપેડ પર ત્રણ યુવતીઓ સવાર થઈને જઈ રહી હતી. આ દરમિયાન ઓવરટેક કરવા જતાં મોપેડ સ્લીપ મારી ગયું હતું. જેના કારણે મોપેડ પર વચ્ચે બેઠલી યુવતી રોલર નીચે આવી જતા તેનું મોત થયું હતું.

જ્યારે અન્ય બે યુવતીઓને ઈજા પહોંચી હતી. પ્રાથમિક માહિતી મોપેડ સ્લીપ મારી ગયું હતું. જેના કારણે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતની જાણ થતાં જ સ્થાનિકોના ટોળા ઘટના સ્થળે એકઠા થઈ ગયા હતા અને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સને બોલાવવામાં આવી હતી. 108 ની ટીમે ઘટના સ્થળે પહોંચીને તપાસ કરતા એક યુવતીને સ્થળ પર જ મૃત જાહેર કરી હતી. ત્યારબાદ પોલીસની હાજરીમાં અને મૃતક યુવતીના પરિવારજનો માતા, પિતા, કાકા અને ભાઈઓની દેખરેખ હેઠળ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે 108 મારફતે ગોત્રી સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. સ્થાનિક રહીશ જહાંગીરખાન નસરુદ્દીને જણાવ્યું કે, મૃતક યુવતીનું નામ માહી છે અને તે તાંદલજાની ફેઈથ સ્કૂલ પાસે રહેતી હતી. અકસ્માત બાદ રોડ રોલરનો ડ્રાઈવર પોતાની સીટ પરથી ફરાર થઈ ગયો હોવાનું પ્રાથમિક રીતે જાણવા મળ્યું હતું. પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે અને ફરાર ડ્રાઈવરને ઝડપી પાડવાની તજવીજ શરૂ કરી છે.

### ફતેગંજના બહુચર્ચિત શેખબાબુ કસ્ટોડિયલ ડેથ કેસ

# સરકારી વકીલ તરીકે એડવોકેટ શૈલેન્દ્રસિંહ ઘારિયાની ફરી નિમણૂક

**ગુજરાત સરકારના** જાહેરનામા બાદ હાઈકોર્ટમાં અરજી દાખલ કરાઈ નહીં

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧ ફતેહગંજ પોલીસ સ્ટેશનના ચર્ચિત શેખ સલીમ શેખબાબુ વિરુદ્ધના કેસમાં ગુજરાત સરકારે વિશેષ સરકારી વકીલની નિમણૂકમાં ફેરફાર કર્યો છે. ગૃહ વિભાગના 31 જુલાઈના જાહેરનામા બાદ ગુજરાત હાઈકોર્ટમાં દાખલ થનારી અરજી અરજદારે આગળ ન વધારતાં કોર્ટે અરજીનો નિકાલ કર્યો હતો. ગુજરાત હાઈકોર્ટના માનનીય ન્યાયાધીશ એમ. કે. ઠક્કરની કોર્ટમાં ફતેગંજ પોલીસ સ્ટેશનના સી.આર. નંબર સંબંધિત કેસની સુનાવણી દરમિયાન રાજ્ય સરકાર તરફથી સરકારી વકીલ શ્રી હાર્દિક દવેએ ગૃહ વિભાગનું જાહેરનામું રેકોર્ડ પર રજૂ કર્યું હતું. જાહેરનામા મુજબ, અગાઉ વિશેષ સરકારી વકીલ તરીકે નિયુક્ત અતુલ વ્યાસ અને ભાવિન પુરોહિતની નિમણૂક તાત્કાલિક અસરથી રદ કરવામાં આવી છે. તેમના સ્થાને ફરીવાર એડવોકેટ શૈલેન્દ્રસિંહ આઈ. ઘારિયાની વિશેષ સરકારી વકીલ તરીકે નિમણૂક કરવામાં આવી છે, જે વડોદરા જિલ્લાના ફતેગંજ પોલીસ સ્ટેશનના સંબંધિત કેસની કાર્યવાહી સંભાળશે. સરકારના આ નિર્ણયને ધ્યાનમાં રાખીને અરજદાર પક્ષના વકીલ દેવર્ષ પંડ્યાએ અરજી આગળ ન ધપાવવાનો નિર્ણય કર્યો હતો. પરિણામે, હાઈકોર્ટે અરજી દાખલ કરવામાં આવી ન હોવાનું નોંધતાં તેનો નિકાલ કરવાનો મૌખિક આદેશ કર્યો છે.

### અટલાદરામાં મધરાતે

# સીકલીગર પરિવાર પર તલવાર-પાઈપથી હુમલો

વડોદરા : .વડોદરાના શહેરના અટલાદરાના ભાયલી વિસ્તાર સ્થિત ગોકુલ નગરમાં રહેતા લાલુસિંગ મહેન્દ્રસિંગ સીકલીગરે નોંધાવેલી ફરિયાદ મુજબ, 30 જુલાઈની રાત્રે તેઓ પરિવાર સાથે ઘરે સૂતા હતા ત્યારે રણજીતસિંગ તારાસિંગ સીકલીગર, બાદલસિંગ રણજીતસિંગ સીકલીગર અને રાજવીરસિંગ રણજીતસિંગ સીકલીગર વાહનમાં તેમના ઘરે ધસી આવ્યા હતા. આરોપીઓએ અગાઉ થયેલા ઝઘડાની અદાવત રાખી સૌપ્રથમ તેમના દીકરા મોહનસિંગને ઊંઘમાંથી જગાડી મારપીટ શરૂ કરી હતી. દીકરાને બચાવવા લાલુસિંગ અને તેમની પત્ની ક્રિયાકોર વચ્ચે પડતા હુમલાખોરોએ તેમના પર જીવલેણ હુમલો કર્યો હતો. રણજીતસિંગે તલવાર વડે લાલુસિંગના માથામાં ઘા ઝીંકતાં તેઓ લોહીલુહાણ થઈ ગયા હતા અને માથામાં ટાંકા લેવા પડ્યા હતા.

### ગ્રાહકો પર આર્થિક બોજ ન વધે તે માટે વીએજીએલનું સંવેદનશીલ પગલું

# VGL દ્વારા ડોમેસ્ટિક PNG અને CNGના નવા દરો જાહેર, આજ સવારથી અમલમાં

**આંતરરાષ્ટ્રીય** ખરીદી ખર્ચ વધવા છતાં મોટાભાગનો બોજ કંપનીએ વહન કર્યો

**સીએનજી ૮૬.૫૦** અને પીએનજી ૫૪.૭૪ પ્રતિ SCM થશે

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧ વડોદરા ગેસ લિમિટેડ દ્વારા કુદરતી ગેસના વધેલા પ્રાપ્તિ ખર્ચ તેમજ વર્તમાન બજારની પ્રવર્તમાન પરિસ્થિતિને ગંભીરતાથી ધ્યાનમાં રાખીને ડોમેસ્ટિક પીએનજી અને સીએનજી ના છૂટક વેચાણના દરોમાં મર્યાદિત વધારો કરવામાં આવ્યો છે. કંપની દ્વારા જાહેર કરવામાં આવેલી સત્તાવાર માહિતી અનુસાર, આ સુધારેલા નવા દરો આજરોજ તા. ૦૧-૦૮-૨૦૨૬ ના રોજ સવારના ૬:૦૦ કલાકથી સમગ્ર વડોદરા શહેરમાં અમલમાં આવી ગયા છે. આ વધારા પાછળનું મુખ્ય કારણ આંતરરાષ્ટ્રીય સ્તરે કુદરતી ગેસની ખરીદીમાં થયેલો વધારો અને ઓપરેશનલ ખર્ચ છે. વડોદરા ગેસ લિમિટેડ દ્વારા ગ્રાહકો પર ઓછામાં ઓછો આર્થિક બોજ પડે તે હેતુથી એક પ્રશંસનીય પગલું ભરવામાં આવ્યું છે.

કંપનીએ ગેસ પ્રાપ્તિના વધેલા ખર્ચનો મોટાભાગનો ભાગ પોતાના ઉપર વહન કર્યો છે અને માત્ર જરૂરી તેટલો જ ન્યૂનતમ વધારો ગ્રાહકો પર નાખ્યો છે. આ સુધારા અનુસાર, સીએનજી ના જૂના ભાવ ૮૫.૯૫ પ્રતિ કિલોગ્રામમાંથી વધારીને ૮૬.૫૦ પ્રતિ કિલોગ્રામ કરવામાં આવ્યા છે, જ્યારે ઘર વપરાશ માટે ઉપયોગમાં લેવાતા ડોમેસ્ટિક પીએનજી ના ભાવ ૫૩.૭૪ પ્રતિ SCM માંથી વધારીને ૫૪.૭૪ પ્રતિ SCM કરવામાં આવ્યા છે. વડોદરા ગેસ લિમિટેડ હંમેશાની જેમ તેના તમામ ગ્રાહકોને સુરક્ષિત, વિશ્વસનીય અને પર્યાવરણને અનુકૂળ કુદરતી ગેસ સેવાઓ અવિરતપણે પૂરી પાડવા માટે સંપૂર્ણપણે કટિબદ્ધ રહી છે.

મોંઘવારીના આ સમયમાં ગ્રાહકો દ્વારા આપવામાં આવેલા સતત વિશ્વાસ અને સહકાર બદલ કંપનીએ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે. વીએજીએલ દ્વારા ખાતરી આપવામાં આવી છે કે ભવિષ્યમાં પણ ગ્રાહકોને કોઈપણ પ્રકારની અસુવિધા વિના ઉચ્ચ ગુણવત્તાસભર અને નિયમિત ગેસ પુરવઠો મળી રહેશે.

### ઉદ્યોગકારોને સમય અને ખર્ચમાં મોટી રાહત

# વડોદરા એરપોર્ટ પરથી એર કાર્ગો સેવાનો વિધિવત પ્રારંભ



( પ્રતિનિધિ ) વડોદરા,તા.1 લાંબા સમયથી પ્રતીક્ષા કર્યા બાદ વડોદરા એરપોર્ટ પરથી એર કાર્ગો સેવાનો વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો છે. આ સુવિધા શરૂ થતાં હવે વડોદરા અને આસપાસના વિસ્તારોના ઉદ્યોગકારોને પોતાના કાર્ગો કન્ટેનર મોકલવામાં ભારે સરળતા રહેશે. વડોદરા એરપોર્ટ પરથી આઉટબાઉન્ડ કાર્ગો કામગીરીની પુનઃશરૂઆત માટે શનિવારે એક ભવ્ય ઉદ્ઘાટન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વડોદરાના સાંસદ ડો.હેમાંગ જોષી, ભાજપ શહેર અધ્યક્ષ ડો.જયપ્રકાશ સોની, મેયર, ડેપ્યુટી મેયર, એરપોર્ટ ડાયરેક્ટર સહિત શહેરના અગ્રણી ઉદ્યોગપતિઓ અને વેપારી આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ઉદ્ઘાટન પ્રસંગે વક્તાઓએ જણાવ્યું હતું કે, અત્યાર સુધી શહેરના ઉદ્યોગકારોને પોતાનો માલ હવાઈ માર્ગે મોકલવા માટે અમદાવાદ અથવા અન્ય શહેરો સુધી 100 કિલોમીટરથી પણ વધુનું અંતર કાપવું પડતું હતું. જેના કારણે સમય, માનવબળ અને પરિવહન ખર્ચનો મોટો વ્યય થતો હતો. ઘણીવાર સમયસર ડિલિવરી ન થવાના કારણે ઉદ્યોગોને નુકસાન પણ સહન કરવું પડતું હતું. હવે વડોદરા એરપોર્ટ પરથી જ કાર્ગો સુવિધા ઉપલબ્ધ થતાં વડોદરા, વાઘોડિયા, માંજલપુર અને આસપાસના ઔદ્યોગિક વિસ્તારોના ઉદ્યોગકારોનો કિંમતી સમય અને ખર્ચ બંને બચશે. આનાથી નિકાસને પ્રોત્સાહન મળશે અને વડોદરાના વેપાર-ઉદ્યોગને વધુ વેગ મળવાની આશા છે.

### સંગીતના સૂરો સાથે સ્વચ્છતાનો સંદેશ

# કમલાનગર તળાવ ખાતે 'જેમિંગ સેશન'નું આયોજન



(પ્રતિનિધિ), વડોદરા. તા.૧ વડોદરા શહેરના કમલા નગર તળાવ ખાતે નાગરિકોમાં સ્વચ્છતા અંગે જનજાગૃતિ લાવવા માટે એક નવતર અને પ્રેરણાદાયી પહેલ કરવામાં આવી છે. મેરી આસ્થા મેરા દેશ ટ્રસ્ટ, વડોદરા મહાનગર પાલિકા અને અલંકાર એકેડેમી ઓફ મ્યુઝિકના સંયુક્ત સહયોગથી તા. ૨૦ જુલાઈના રોજ સાંજે ૬:૦૦ થી ૮:૦૦ વાગ્યા સુધી જેમિંગ સેશન મ્યુઝિક બાય ધ લેકનું ભવ્ય અને સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

સંગીત અને મનોરંજનના માધ્યમથી મોટી સંખ્યામાં નાગરિકોને એકત્રિત કરી સ્વચ્છતાનો મહત્વપૂર્ણ સંદેશ આપવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત વક્તાઓએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, જો આપણે કચરો જ નહીં કરીએ તો કચરો સાફ કરવાની જરૂર જ નહીં પડે. સ્વચ્છતા માત્ર સફાઈ કર્મચારીઓ કે પાલિકાની એકલાની જવાબદારી નથી, પરંતુ તળાવ અને ગાર્ડનને પોતાનું ઘર સમજીને તેને સ્વચ્છ રાખવું એ દરેક નાગરિકની નૈતિક ફરજ છે. તળાવની પવિત્રતા અને સુંદરતા જળવાઈ રહે તે માટે ટ્રસ્ટ દ્વારા કમલા નગર તળાવમાં પૂજા સામગ્રી માટે એક નિર્ધારિત વિસર્જન પોઈન્ટ બનાવવાની રજૂઆત પણ કરવામાં આવી છે.

જેથી ફૂલ, માળા, નાળિયેર અને અન્ય પૂજા સામગ્રી એક જ સ્થળે એકત્રિત થાય અને તેનો યોગ્ય નિકાલ થઈ શકે. દરરોજ સવારે અને સાંજે તળાવ પર ફરવા આવતા મોર્નિંગ વોકર્સ, સ્થાનિક રહેવાસીઓ, સિનિયર સિટિઝન્સ અને સુરક્ષા કર્મચારીઓ સૌએ સાથે મળીને સ્વચ્છતાના રક્ષક બનવાની પહેલ કરી છે.

### બાળ તસ્કરી ગેંગના વધુ બે આરોપી ઝડપાયા

# આઠ દિ'ના માસૂમનો મુંબઈમાં વેચાણ પહેલાં જ ભાંડો ફૂટ્યો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.1 વડોદરા ક્રાઈમ બ્રાન્ચ દ્વારા માત્ર આઠ દિવસના નવજાત શિશુને મુંબઈ ખાતે વેચી દેવાના ચોંકાવનારા કાવતરામાં વધુ બે આરોપીઓને ઝડપી લેવામાં આવ્યા છે. અત્યાર સુધી સાત આરોપીઓ સામે કાર્યવાહી થઈ ચૂકી છે. નવજાત શિશુના પિતાએ પણ આર્થિક લાભ માટે પોતાના જ પુત્રને વેચવાના કૌભાંડમા ભાગ ભજવ્યો હતો જ્યારે અન્ય આરોપીએ સમગ્ર સોદા માટે મધ્યસ્થી અને સંપર્કની ભૂમિકા ભજવી હોવાનુ બહાર આવ્યુ છે. વડોદરા ક્રાઈમ બ્રાન્ચે તાજેતરમાં સિદ્ધપુરથી મુંબઈ લઈ જવાઈ રહેલા માત્ર આઠ દિવસના નવજાત શિશુને વડોદરાની એક હોટલમાંથી સુરક્ષિત રીતે શોધી કાઢ્યુ હતુ. આ મામલે ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં તથા જુવેનાઈલ જસ્ટિસ એક્ટ હેઠળ ગુનો નોંધાઈ એન્ટી હ્યુમન ટ્રાફિક યુનિટ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી રહી છે. આ કેસમાં અગાઉ મનોજ કેશા રાવળ, તેની પત્ની વીણાબેન, સુનીલ ધુળા રાવળ, દલપત ધુળા રાવળ અને નગીન ઉર્ફે નગા ભગોરાની ધરપકડ કરવામાં આવી હતી. તેમની પૂછપરછ દરમિયાન મળેલી માહિતીના આધારે પોલીસે વધુ બે આરોપી શ્રવણ દુધા પરમાર (તા. પોશીના, સાબરકાંઠા) અને લક્ષ્મણ મોતી મુળી (તા. પોશીના, સાબરકાંઠા) ને શોધી કાઢી અટકાયત કરી છે. આરોપી શ્રવણ પરમાર નવજાતના પરિવારનો સગો હોવા છતાં મુખ્ય આરોપી નગીન ભગોરાના સંપર્કમાં રહી બાળકને મુંબઈમાં વેચવાના કાવતરામાં જોડાયો હતો. જ્યારે બાળકના પિતા લક્ષ્મણ મુળીએ લાલચમા આવી આર્થિક લાભ મેળવવાના ઈરાદે પોતાના જ નવજાત પુત્રને વેચી નાખવાનું કૃત્ય કર્યું હતુ. પોલીસ હાલમાં તમામ આરોપીઓની પૂછપરછ કરીને આ બાળ તસ્કરીના રેકેટમાં અન્ય કોઈ વ્યક્તિ સંડોવાયેલી છે કે કેમ તે દિશામાં વધુ તપાસ ચલાવી રહી છે.

### યશ તડવીની રેસ્ક્યુ ટીમ દ્વારા 2 મહાકાય મગરનું સફળ રેસ્ક્યુ



વડોદરા : દર વર્ષની જેમ આ વખતે પણ વન વિભાગ સાથે પ્રાણી પ્રેમી સંસ્થાઓ રેસ્ક્યુમાં જોડાઈ છે. શહેરના જાણીતા રેસ્ક્યુઅર યસ તડવી અને તેમની ટીમે પણ બે અલગ-અલગ સ્થળોએથી મગરોને સહીસલામત રેસ્ક્યુ કરવામાં આવ્યા હતા. પ્રથમ બનાવમાં વિરોદ ગામના એક મકાનના બારણા સુધી મગર પહોંચી ગયો હતો. જ્યારે બીજો બનાવ વાઘોડિયાની એક ખાનગી યુનિવર્સિટીમાં બન્યો હતો, જ્યાં મગર પરિસરમાં આવી ગયો હતો. બંને જગ્યાએથી મગરોનું રેસ્ક્યુ કરીને તેમને સુરક્ષિત રીતે વન વિભાગને સોંપવામાં આવ્યા છે. વન વિભાગ દ્વારા રેસ્ક્યુ કરાયેલા મગરોને તેમના કુદરતી અને સહીસલામત વાતાવરણમાં છોડી દેવામાં આવ્યા હતા.

# ભારે વરસાદના રેડ એલર્ટ બાદ ફાયર બ્રિગેડની ટીમો શહેરભરમાં સ્ટેન્ડ બાય

વડોદરા ; હવામાન વિભાગ દ્વારા વડોદરા શહેર માટે રેડ એલર્ટ જાહેર કરાયા બાદ તમામ ઈમરજન્સી એજન્સીઓને એલર્ટ મોડ પર મૂકી દેવામાં આવી છે. શહેર અને આસપાસના વિસ્તારોમાં વરસાદી સ્થિતિને ધ્યાનમાં રાખીને ફાયર વિભાગ દ્વારા સતત મોનિટરિંગ અને રેસ્ક્યુ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકામાં આવેલી સુમનદીપ વિદ્યાપીઠની લક્ષ્મી હોસ્ટેલમાં પાણી ભરાઈ જતા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ફસાયા હતા. સવારે 6 કલાકે મામલતદાર વાઘોડિયા દ્વારા વડોદરા ફાયર બ્રિગેડને રેસ્ક્યુ માટે જાણ કરવામાં આવી હતી. માહિતી મળતા જ પાણીગેટ ફાયર સ્ટેશનનો સ્ટાફ, વાઘોડિયા પોલીસની ટીમ અને સ્થાનિક તંત્ર તાત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યા હતા.


**Dakshin Gujarat Vij Company Limited**
CIN U40102GJ2003SGC042909
**Bharuch City Division**
B/H Jilla Panchayat, Station Road, Panchbatti, Bharuch 392 001
**DGVCL Toll Free No. 19123** (OR 1800 233 3003)

**Tender Notice**

Tenders (Nos. 8 to 11 (2026-27) are invited for carrying out monthly/ bi-monthly spot meter reading through Android Mobile Devices (PDA), spot billing, and printing & distribution of Smart Meter Bills for Bharuch East, Bharuch West, Panchbatti, Bharuch Rural and Haldarva Sub-Divisions under Bharuch City Division. Details of the tenders are available on dgvcltender.nprocure.com.

**EE (O&M), Bharuch City Division, DGVCL.**

Install MCB/ ELCB/ RCCB & Prevent Electric Shocks/ Electrical Accidents



**વડોદરા મહાનગર પાલિકા**
www.vmc.gov.in
**પાણી અંગેની અગત્યની જાહેરાત**

પાણી પુરવઠા વિભાગ હસ્તકનાં પાણીનાં સ્ત્રોત જેવાકે મહીસાગર નદી, નર્મદા કેનાલ તથા આજવા સરોવર ખાતે હાલમાં નવા નીર આવેલ છે. જેથી સદર સ્ત્રોત ખાતેથી આવતા પાણીમાં ડહોળાશ જણાયેલ છે. જેનાંથી પાણી પુરવઠા વિભાગ હસ્તકનાં પાણીનાં વિવિધ વિતરણ મથકો પરથી વિતરણ કરવામાં આવતા પાણીમાં સામાન્ય ડહોળાશ આવવાની સંભાવના જણાય છે. જેથી સદર વિતરણ મથકો પરથી પાણી મેળવતા નાગરિકોને પાણીમાં ફટકડી નાંખી, પાણી ઠારીને, ગાળીને, તથા ઉકાળીને ઉપયોગમાં લેવા વિનંતી છે.

પી.આર.ઓ.નં. ૨૪૮/૨૬-૨૭ કાર્યપાલક ઈજનેર (પા.પુ.)



**ઓન લાઈન ટેન્ડરીંગ**
**માર્ગ અને મકાન વિભાગ**
**જાહેર નિવિદા - ૦૯ સને : ૨૦૨૬ - ૨૭**
**ગુજરાત સરકાર**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના વતી કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. વિભાગ, સિવિલ લાઈન્સ રોડ, બ્લડ બેંક પાછળ, ગોધરા - ૩૮૯૦૦૧ જિ.પંચમહાલ ફોન નં.(૦૨૬૭૨) ૨૪૩૪૨૧ દ્વારા આવા પ્રકારના કામના અનુભવ ધરાવતા ઈજારદારો પાસેથી ચાર અપકીપીંગની કામગીરી માટે ઓન લાઈન ભાવો મંગાવવામાં આવે છે. જેની અંદાજીત કિંમત રૂા. ૨૧.૩૧ લાખ થી રૂા.૪૨.૬૮ લાખ વચ્ચેની છે.

પ્રસ્તુત નિવિદામાં સમાવિષ્ટ કામો માટેના ટેન્ડર ડોકયુમેન્ટ વેબસાઈટ https://rnbtender.nprocure.com પર તા.૧૭.૮.૨૦૨૬, ૧૨ : ૦૦ કલાક સુધી ઉપલબ્ધ રહેશે. અને તા.૧૭.૮.૨૦૨૬, ૧૮ : ૦૦ કલાક સુધી મોકલવાના રહેશે.

જ્યારે કામોના ઓનલાઈન ટેન્ડર ઉપર જણાવ્યા મુજબ ડોકયુમેન્ટ તા.૧૭.૮.૨૦૨૬ થી તા.૨૪.૮.૨૦૨૬ નાં રોજ સાંજના ૧૮ : ૦૦ કલાક સુધી મોકલવાનાં રહેશે.

વધુ વિગત માટે ઉપરોક્ત વેબસાઈટ અથવા રૂબરૂ કચેરીએ કચેરીના કામકાજના સમય દરમ્યાન ટેન્ડર શાખાનો સંપર્ક સાંધવા વિનંતી

(માહિતી/ગોધરા/૩૬૨/૨૬)


### વાઘોડિયા ગામની પ્રાથમિક શાળામાંથી ઝેરી કોબ્રાનું રેસ્ક્યુ



(પ્રતિનિધિ), વડોદરા. તા.૧ વાઘોડિયા ગામ પાસે આવેલી પ્રાથમિક શાળામાં ચોમાસાની શરૂઆત સાથે જ એક અત્યંત ઝેરી કોબ્રા સાપ દેખાતા ભારે દોડધામ મચી ગઈ હતી. શાળામાં સાપ હોવાની જાણ થતા જ સ્થાનિકો દ્વારા તાત્કાલિક મદદ માટે જાણ કરવામાં આવી હતી. રેસ્ક્યૂઅર યશ પટેલ ઘટના સ્થળે પહોંચીને કોબ્રા સાપનું રેસ્ક્યુ કર્યું હતું. ચોમાસાની ઋતુમાં ગ્રામ્ય અને આસપાસના વિસ્તારોમાં સરિસૃપોના બહાર નીકળવાનું પ્રમાણ વધ્યું છે. આથી રેસ્ક્યુઅર યશ પટેલ દ્વારા વરસાદી મોસમમાં લોકોને સતર્ક રહેવા અને સાપ દેખાય તો તાત્કાલિક નિષ્ણાતની મદદ લેવા અપીલ કરવામાં આવી છે.

### પૂર અને વરસાદી માહોલ વચ્ચે માનવતાવાદી અભિગમ

# નદીકાંઠાના વિસ્તારોમાંથી ૧૨૦ સગર્ભાઓને સુરક્ષિત ખસેડાઈ



(પ્રતિનિધિ), વડોદરા. તા.૧ વડોદરા જિલ્લામાં હાલ ચાલી રહેલા ભારે વરસાદ અને ચોમાસાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા દ્વારા નાગરિકોના સ્વાસ્થ્યની સુરક્ષા માટે સઘન આરોગ્ય તપાસ અને રોગ અટકાયતી કામગીરીનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. જિલ્લાના તમામ તાલુકાઓ અને અંતરિયાળ ગામડાઓમાં પરિસ્થિતિ પર સતત નજર રાખવા માટે આરોગ્ય વિભાગ દ્વારા ૩૬૧ જેટલી મેડિકલ અને પેરામેડિકલ ટીમો મેદાનમાં ઉતારવામાં આવી છે. ચોમાસાની ઋતુ અને પૂરના સંભવિત જોખમને ધ્યાને રાખીને આરોગ્ય વિભાગે સગર્ભા મહિલાઓની સુરક્ષાને સર્વોચ્ચ અગ્રતા આપી છે. ટીમો દ્વારા ૩૭૨ જેટલી સગર્ભા બહેનોની પ્રત્યક્ષ મુલાકાત લઈને તેમનું આરોગ્ય પરીક્ષણ અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. સંવેદનશીલ અને નદીકાંઠાના વિસ્તારોમાંથી તકેદારીના ભાગરૂપે ૧૨૦ સગર્ભા બહેનોને સલામત રીતે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. હોસ્પિટલમાં દાખલ કરાયેલી સગર્ભા બહેનોમાંથી ૮૬ બહેનોની સફળ ડિલિવરી કરાવીને માતા અને નવજાત શિશુ બંનેના સ્વાસ્થ્યની ઉત્તમ સંભાળ લેવામાં આવી છે. જિલ્લાભરમાં રોગચાળો ફેલાતો અટકાવવા માટે આરોગ્ય કર્મીઓ દ્વારા ઘરે-ઘરે જઈને હેલ્થ સ્ક્રીનિંગ કરવામાં આવી રહ્યું છે.

### ડેન્ટલમાં પ્રવેશ માટે 12 ઓગસ્ટ સુધી રજિસ્ટ્રેશન

( પ્રતિનિધિ ) વડોદરા,તા.1 રાજ્યમાં મેડિકલ અને ડેન્ટલ કોર્સમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ મેડિકલ એન્ડ ડેન્ટલ કોર્સીસ એસીપીસી દ્વારા રાજ્યની એમબીબીએસ અને બીડીએસ બેઠકો માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન પ્રક્રિયાનો પ્રારંભ કરી દેવામાં આવ્યો છે. પ્રવેશ માટે ઉમેદવારો 1 ઓગસ્ટથી 12 ઓગસ્ટ સુધી સત્તાવાર વેબસાઈટ પર અરજી કરી શકશે. રજિસ્ટ્રેશન બાદ 13 ઓગસ્ટથી વિદ્યાર્થીઓએ પિન મેળવવા માટે નજીકના હેલ્પ સેન્ટર પર જવાનું રહેશે. ત્યારબાદ કમિટી દ્વારા મેરીટ લિસ્ટ જાહેર કરીને કાઉન્સેલિંગ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ વર્ષે વડોદરા અને અમરેલી ખાતે શરૂ થયેલી બે નવી સરકારી મેડિકલ કોલેજની 50-50 બેઠકો ઉમેરાતા કુલ બેઠકોની સંખ્યા 7500 પર પહોંચી છે. એટલે કે કુલ 300 બેઠકોનો વધારો થયો છે.


**દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ**
CIN U40102GJ2003SGC042909
રજી. અને કોર્પોરેટ કચેરી: 'ઊર્જા સદન'
નાના વરાછા રોડ, કાપોદ્રા ચાર રસ્તા, સુરત – ૩૯૫૦૦૬

**વિધુત સહાયક (ઈલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ) તરીકેના હોદ્દા માટે તા. ૦૯.૦૮.૨૦૨૬ ના રોજ રાખવામા આવેલ લેખિત પરીક્ષા મુલતવી રાખવા બાબતની સૂચના**

દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા તા.૩૧.૦૭.૨૦૨૬ થી પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેરાત અન્વયે આગામી તા.૦૯.૦૮.૨૦૨૬ ના રોજ સુરત ખાતે યોજનાર વિધુત સહાયક (ઈલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ) સંવર્ગની લેખિત પરીક્ષા વહીવટી કારણોસર હાલ પૂરતી મુલતવી રાખવામા આવેલ છે. સદર સંવર્ગની લેખિત પરીક્ષા અંગેની નવી તારીખ ઉમેદવારોને વેબસાઈટ ઉપર જણાવવામાં આવશે. જેની તમામ ઉમેદવારો એ નોંધ લેવી તેમજ ઉમેદવારોને DGVCL ની વેબસાઈટ www.dgvcl.com/Advertisement પર નિયમિતપણે અપડેટ જોતાં રહેવા અંગે ખાસ જણાવવામાં આવે છે.

કાર્યપાલક વિશેષ મહાપ્રબંધક (મા.સં.), દ.ગુ.વી.કં.લિ., સુરત



**મેસર્સ. એપિકોન ફાર્મા એલએલપી**
રેવન્યુ સર્વે નં. ૨૦ અને ૨૧, ગામ : હરિપુરા,
તા. : સાવલી, જી. : વડોદરા, ગુજરાત -૩૯૧૫૨૦
**પર્યાવરણીય મંજૂરી**

આથી જાણ કરવામાં આવે છે કે પર્યાવરણ, વન અને હવામાન પરિવર્તન મંત્રાલય(એમઓઈએફ એન્ડ સીસી), આઈએ વિભાગ, નવી દિલ્હી એમે મેસર્સ એપિકોન ફાર્મા એલએલપી. રેવન્યુ સર્વે નં. ૨૦ અને ૨૧, ગામ : હરિપુરા, તા.: સાવલી, જી.: વડોદરા, ગુજરાત-૩૯૧૫૨૦ ને કૃત્રિમ ઓર્ગેનિકસ કેમિકલ્સ (એપીઆઈ અને તેના ઈન્ટર મિડિયેટ)ના ઉત્પાદન માટે પર્યાવરણ મંજૂરી ઈસી ઓળખ નંબર. ઈસીરફએર૪૦૬જીજેપ૪૯૧૪૨૫એન ફાઈલ નં.આઈએ-જે-૧૧૦૧૧/૨૬૬/૨૦૨૫-આઈએ-આઈઆઈ(આઈ), તારીખ : ૩૧ જુલાઈ ૨૦૨૬ ના રોજ માન્યતા આપી દીધી છે. મંજૂરી પત્રની નકલ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ(વડોદરા અને ગાંધીનગર) ની કચેરી પર મૂકવામાં આવે છે અને આ મંજૂરી મંત્રાલયની પર્યાવરણ, વન અને હવામાન પરિવર્તન મંત્રાલય (એમઓઈએફ એન્ડ સીસી), વેબસાઈટ www.parivesh.nic.in પર પણ જોઈ શકાશે.



**ઓન લાઈન ટેન્ડરીંગ**
**જાહેર નિવિદા નં.૧૦, સને.૨૦૨૬-૨૭**

કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત મા×મ વિભાગ, જિલ્લા પંચાયત ભવન જિલ્લા સેવા સદનની બાજુમાં, મહીસાગર-લુણાવાડા ફોન નં.૦૨૬૭૪-૨૫૨૧૨૩ દ્વારા માન્ય ઈજારદારશ્રીઓ પાસેથી મકાનના કામોના કુલ રૂા.૧૨૫૮.૫૬ લાખના કિંમતના ટેન્ડર માંગવામાં આવે છે. ટેન્ડરના દસ્તાવેજો https://tender.nprocure.com વેબસાઈટ અને ટેન્ડર નોટીસ માહિતી નિયામકશ્રીની www.statetenders.gujarat.gov.in ઉપર જોવા મળશે.

ટેન્ડર ઓપનીંગની છેલ્લી તારીખથી રજી.પો.એ.ડીથી દિન-૭ માં અસલમાં ડીમાન્ડ ડ્રાફ્ટ / એફ.ડી.આર કાર્યપાલક ઈજનેરશ્રી,મહિસાગરને રજુ કરવાના રહેશે.

ઈ-ટેન્ડરીંગ અંગેનું સમયપત્રક નીચે મુજબ છે.

| | |
|---|---|
| ઓન લાઈન સબમીશનની તારીખ. | તા.૦૩/૦૮/૨૦૨૬ થી તા.૧૧/૦૮/૨૦૨૬ સમય ૧૮.૦૦ કલાક સુધી. |
| ટેન્ડર ઓપનીગ (ઓનલાઈન) | તા.૧૨/૦૮/૨૦૨૬ સમય ૧૨.૦૦ કલાક |

(માહિતી/ગોધરા/૩૬૧/૨૬)